જાહેર નિવિદા

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સંદર્ભ: ઇન્ડસ્ટ્રીયલ રિલેશન કોડ, ૨૦૨૦ (The Industrial Relations Code, 2020) અન્વયે અગત્યની સૂચના.

ગુજરાત રાજ્યમાં 'ટ્રેડ યુનિયન્સ એક્ટ, ૧૯૨૬' હેઠળ નોંધાયેલા અને હાલ કાર્યરત તમામ ટ્રેડ યુનિયનો/મંડળોના હોદ્દેદારોને આ જાહેર નોટિસ દ્વારા સુચિત કરવામાં આવે છે કે : કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા તા.૨૧/૧૧/૨૦૨૫થી નવી શ્રમસંહિતાઓ અમલીકૃત કરવામાં આવેલા છે. આથી ઇન્ડસ્ટ્રીયલ રિલેશન કોડ, ૨૦૨૦ની જોગવાઈઓનું પાલન કરવું તમામ નોંધાયેલ ટ્રેડ યુનિયનો માટે ફરજિયાત છે. આથી આ કોડની કલમ ૯(૪) ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલ તમામ ટ્રેડ યુનિયનોએ પોતાના યુનિયનના બંધારણ/નિયમો આ કોડની કલમ-૦૭ સાથે સુસંગત હોવા અંગેનું અથવા જો સુસંગત ન હોય તો આ કોડની કલમ ૭ ના નિયમો અનુસાર પોતાના યુનિયનના બંધારણ/નિયમો માં જરૂરી સુધારા-વધારા કરી, તેને સુસંગત કરવાના રહેશે. અને તે અંગેની બાંહેધરી/નિવેદન નીચે મુજબના આધારભૂત દસ્તાવેજો સાથે જો મંડળ એક જિલ્લા સાથે સંકળાયેલ હોય તો સ્પર્શતી મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, એક જ રિજિયનના એક થી વધુ જિલ્લા સાથે સંકળાયેલ હોય તો સ્પર્શતી નાયબ શ્રમ આયુક્તશ્રીની કચેરી, અને જો મંડળ એકથી વધુ રિજિયન/ સમગ્ર ગુજરાત સાથે સંકળાયેલ હોય તો શ્રમ આયુક્તની કચેરીએ જમા કરી યુનિયનના નિયમોમાં આ કોડ સાથે સુસંગત હોવા અંગે પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે:

- સહિ-સિક્કા સાથેનું બાંહેધરી પત્રક.
- યુનિયનના નોંધણી પ્રમાણપત્ર/ બંધારણની નકલ.
- નવા કોડની કલમ ૭ મુજબ અપડેટ કરેલા બંધારણ/નિયમોની પ્રમાણિત નકલ.
- બધારણ/નિયમોમાં કરેલ સુધારા અંગેનું તુલનાત્મક પત્રકની બે નકલ,
- સુચિત સુધારેલ બંધારણની બે નકલ
- યુનિયનની છેલ્લી યોજાયેલી ચૂંટણીની વિગતો, છેલ્લી સામાન્ય સભાની મિનિટ્સ અને ચૂંટાયેલા હોદ્દેદારોની યાદી.
- છેલ્લા વર્ષના ઓડિટ રિપોર્ટ (નમુના-આઈ)(FORM-XXI)
- સભ્યોની અધ્યતન નામ, સરનામાં, સંકળાયે ઉદ્યોગ/વ્યવાસાય સાથેનું પત્રક/યાદી.

જો કોઈ ટ્રેડ યુનિયન તા.૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં આ બાબતની બાંહેધરી પત્રક અને સુધારેલા દસ્તાવેજો રજૂ નહી કરે અને જો મંડળના બંધારણ નિયમો ઇન્ડસ્ટ્રીયલ રિલેશન કોડ, ૨૦૨૦ ની જોગવાઈઓ સાથે સુસંગત નહી હોય તો તેવા યુનિયનનું રજીસ્ટ્રેશન (નોંધણી) રદ કરવા પાત્ર ઠરશે, જેની નોધ લેવી.

સ્થળ: ગાંધીનગર

તારીખ:૨૯/૦૮/૨૦૨૬

રજીસ્ટ્રાર ઓફ ટ્રેડ યુનિયન્સ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર